જા.નં–બી/૪૭૯/૨૦૨૧
ડીસ્ટ્રીકટ કોર્ટ, ભાવનગર.
તા. ૧૬/૦૪/૨૦૨૧

વંચાણે લીધા :– નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર તારીખઃ ૧૫/૦૪/૨૦૨૧.

**:: કચેરી આદેશ નંબર ૪૪૪ /૨૦૨૧ ::**

ઉપરોકત આમુખમાં દર્શાવેલ નામ. ગુજરાત હાઈકોર્ટના ઠરાવ અન્વયે હાલની કોવિડ–૧૯ ના વધતા જતા સંક્રમણને ધ્યાને લઈ તારીખઃ ૧૯/૦૪/૨૦૨૧ થી તમામ અદાલતોની કાર્યવાહી માત્ર VIRTUAL MODE થી ફકત જરૂરિયાત મુજબના કર્મચારીઓને હાજર રાખી કામગીરી કરવાનો આદેશ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેના જિલ્લાની તમામ અદાલતોએ નામ. ગુજરાત હાઈકોર્ટના ઠરાવ અન્વયે નીચે મુજબની સુચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧) ભાવનગર જિલ્લા હેડ કવાટર્સ ખાતેની તમામ અદાલતની કાર્યવાહી દરેક જયુડીશ્યલ ઓફીસરશ્રીઓએ VIRTUAL MODE થી કરવાની રહેશે.

(૨) ભાવનગર જિલ્લાની તમામ તાલુકા અદાલતોના જયુડીશ્યલ ઓફીસરશ્રીઓ VIRTUAL MODE થી કાર્યવાહી કરી શકશે. પરંતુ જો વસવાટથી ઈન્ટરનેટ કનેકટીવીટી શકય ન હોય તો જયુડીશ્યલ ઓફીસરશ્રીઓ તેમની ચેમ્બરમાથી VIRTUAL MODE થી કાર્યવાહી કરી શકશે.

(૩) વધુમા દરેક જયુડીશ્યલ ઓફીસરશ્રીઓએ, વકીલશ્રીઓ, પક્ષકારો, સાક્ષીઓ, અથવા આરોપીઓની ગેરહાજરી સબબ વિરુધ્ધનો ઓર્ડર પાસ કરવો નહી.

(૪) ભાવનગર હેડ કવાટર ખાતેની તેમજ તાલુકા મથક ખાતેની અદાલતોમાં પોલીસ સ્ટેશન તરફથી રજુ કરવામાં આવતા પ્રોડકશન દરમ્યાન નામ. ગુજરાત હાઈકોર્ટની તેમજ સરકારશ્રીની કોવિડ–૧૯ ની ગાઈડ–લાઈનનું ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. તેમજ ઓફીસ કામગીરી દરમ્યાન દરેક કર્મચારીઓએ સરકારશ્રીની ગાઈડ લાઈન મુજબ સોશીયલ ડીસ્ટન્સ જાળવવું,સેનીટાઈઝરનો ઉપયોગ કરવો.

(૫) કોર્ટમા વ્યવસ્થિત રીતે સાફ સફાઈ, સેનીટાઈઝેશન અને સ્વચ્છતા માટેના પગલા લેવાના રહેશે.

(૬) માસ્ક પહેરયા વગર કોર્ટ સંકુલમા પ્રવેશ આપવો નહી.

(૭) કોર્ટ પરિસરમાં કોર્ટ કર્મચારીઓ સિવાય કોઈપણ પક્ષકારોએ પ્રવેશ કરવો નહી તેમજ અરજન્ટ કામગીરી ના હેતુ માટે જો જરૂરી જણાય તેવા કિસ્સામા વકીલશ્રીઓએ કામગીરી પૂર્ણ કરી , તુરત જ કોર્ટ પરિસર છોડી દેવાનું રહેશે.

(૮) નામદાર ગુજરાત સરકાર તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના કોવીડ–૧૯ સબંધેના વખતોવખતની માર્ગદર્શિકા અને તેમા જણાવવામા આવેલ સુચનાઓનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(આર.ટી.વચ્છાણી)
પ્રિન્સીપાલ ડિસ્ટ્રીકટ જજ
ભાવનગર